**1100/Repor_1**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી  ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : ગુજરાતના પ્રથમ મહિલા અધ્યક્ષ હોવું એ એક કિર્તીમાન આપે સ્થાપિત કર્યો છે અને એ કિર્તીમાનમાં વિપક્ષે પણ હકારાત્મક પરંપરાને નિભાવી છે એટલે એમને પણ હું અભિનંદન આપીશ. આપને આ સંસદીય કારકિર્દીમાં બહોળો અનુભવ છે એ અમે સૌ જાણીએ છીએ. આજે આ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ ભવન અને આજે એમનો જન્મ દિવસ છે એ દિવસ ઈતિહાસમાં કાયમ માટે યાદ રહેશે. લાંબા સમય સુધી આ વાત વાગોળવામાં આવશે. આપના અનુભવનો લાભ અમને તમામને મળે, આપનું માર્ગદર્શન અમને મળે, આપને આ સ્થાન પર જોઈને જે માતાની ભૂમિકાની વાત આવી છે ત્યારે આપનો એકેએક શબ્દનું દરેક માનનીય ધારાસભ્યશ્રીઓ ચુસ્તપણે પાલન કરશે એવી પણ અપેક્ષા છે. ધન્યવાદ, જય જય ગરવી ગુજરાત